દુશ્મનોને માફ કરી દો...
પણ એમના નામ કદી ના
ભૂલતા
- બર્નાડ શા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઇ, ૨૦૧૩, મંગળવાર; અષાઢ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે જિલ્લા પંચાયત પ્રમુખપદનો ફેંસલો

## કોંગ્રેસના ઉમેદવાર હીના પટેલનો વિજય નિશ્ચિત : કોંગ્રેસની આંતરિક જુથબંધી ઠારવામાં નેતાગીરી સફળ : ભાજપના ડાહીબેન ઠાકોર સ્પર્ધામાં જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૧૯ અને ભાજપના ૮ સભ્યો છે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે શ્રીમતિ હીનાબેન હરેશકુમાર પટેલની પસંદગી નિશ્ચિત બની ચુકી છે. આજે મળનારી પંચાયતની ખાસ સામાન્ય સભામાં ધ્વનિમતથી તેમની પસંદગીને આખરી કરવામાં આવશે.

જિલ્લા પંચાયતના પ્રમુખપદની આજે યોજાનારી ચૂંટણી માટે સોમવારે બપોરે બે વાગ્યા સુધીમાં ૩ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાં કોંગ્રેસના બે અને ભાજપના ઉમેદવારી પત્રનો સમાવેશ થાય છે.



કોંગ્રેસના નેતાઓની સમજાવટ બાદ કોંગ્રેસના બીજા ઉમેદવાર શ્રીમતિ આનાંદીબોના કાળુસિંહ બિહોલાએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. હવે આજે મળનારી સામાન્ય સભામાં કોંગ્રેસના હીનાબેન પટેલ અને ભાજપના ડાહીબેન ઠાકોર વચ્ચે મતદાન થશે.

પંચાયતના ઈન્ચાર્જ પ્રમુખ ભીખીબેન ઠાકોરના અધ્યક્ષપદે મળનારી પંચાયતની સામાન્ય સભામાં આ ઔપચારિકતાઓ પૂર્ણ થશે. પંચાયતમાં કોંગ્રેસ પક્ષના ૧૯ સભ્યો છે તો ભાજપના ૮ સભ્યો છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષમાં છેલ્લા ઘણા સમયથી વિવાદો કેડો મુકતા નથી. પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના રાજીનામા બાદ શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગાંભુસિંહે પણ રાજીનામુ ધરી દીધુ હતુ. જો કે તે પણ સમજાવટને અંતે

● અનુસંધાન પાના - ૭ પર

## ઉમેદવારની પસંદગીમાં નિરીક્ષકે શિસ્તનો દંડો ઉપાડતા જ સ્થિતિ થાળે પડી...

### સભ્યોમાં મતભેદ કદાચ થયો હશે પણ મનભેદ નથી : જશુભા રાણા : ઉમેદવારની પસંદગી અંગે છેલ્લી ઘડીએ દિલ્હીથી પક્ષનો મેન્ડેટ અપાયો : ખાનગી હોટલની બેઠક છોડી બળવાખોરોએ ઉમેદવારી પત્ર ભરતાં રાજકીય ધમધમાટ થયો પણ અમીત ચૌધરીની મધ્યસ્થી બાદ પરિસ્થિતિ થાળે પડી ગઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખપદના ઉમેદવારની પસંદગીને મામલે આજે સભ્યોની જૂથબંધી બહાર આવતાં પ્રદેશ નીરીક્ષક શ્રી શૈલેષ પરમારે શિસ્તભંગના પગલાં માટેનો દંડો પછાડતાં જ મામલો શાંત પડી જવા પામ્યો હતો અને ઘીના ઠામમાં ઘી પડી જવા પામ્યું હતું.

આજે ગાંધીનગર હિંમતનગર હાઈવે પર એક ખાનગી હોટલમાં કોંગ્રેસના સભ્યોની એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં અડધી બેઠક બાદ ૧૦ જેટલા સભ્યો બેઠક છોડી ગાંધીનગર આવી અને પ્રમુખ તરીકે શ્રીમતિ આનંદીબેન બિહોલાનું ફોર્મ રજુ કરી દીધુ હતુ.

પરિસ્થિતિને પામી ગયેલા શ્રી શૈલેષ પરમારે તરત જ આ સભ્યોને જણાવ્યુ હતુ કે ઉમેદવારની પસંદગી પક્ષના પ્રભારી કામથ દ્વારા થવાની છે અને તેમની સાથે નામ નિયત થયા બાદ જ ઉમેદવારી પત્ર ભરવામાં આવશે. આ પછી હોટલ પરથી બધા સભ્યો ગાંધીનગર આવી પહોંચ્યા હતા.

બરાબર ૧.૪૫ મિનિટે શ્રી

● અનુસંધાન પાના - ૭ પર



બાળપણને સામાન્ય રીતે રમવાના દિવસો તરીકે જોવામાં આવે છે. પરંતુ, આપણી સંસ્કૃતિની એ મહાનતા છે કે રમવાની સાથે સાથે જ આપણે બાળકોને તાલીમ અને સંસ્કાર પણ આપીએ છીએ. સારી ટેવો, સારી બાબતો અને સારી તાલીમો આપણે એવી રીતે જીવનક્રમમાં વણી લીધી છે કે તેમનું વહન આવતીકાલની પેઢી સુધી આપોઆપ થઈ જાય છે. એમાંય આપણે ત્યાં દીકરીનું મહત્ત્વ વિશેષ છે અને એ જ કારણે દીકરીઓના જીવન સાથે વિશેષ સંસ્કારો જોડાયેલા છે. આવા જ એક વિશેષ સંસ્કાર એટલે કે વ્રત - ગૌરી વ્રતનો આ વર્ષનો સોમવારે અંતિમ દિવસ હતો. આ અંતિમ દિવસે બાલિકાઓએ મુક્ત મને રમવાનો આનંદ મેળવ્યો હતો. એમ કરીને સફળ રીતે વ્રત પૂર્ણ કરવાની તેમણે ઉજવણી કરી હતી. (તસવીર : દિપક જાની)

## મેટ્રો રેલવે પ્રોજેક્ટ માટે મુસદા પ્લાનને બહાલી

### પ્રોજેક્ટના ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટને આખરી ઓપ અપાયો : ૨૨૦૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ મૂકવામાં આવ્યો

ગાંધીનગર,તા. ૨૨

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટને અમલી બનાવવામાં નવ વર્ષનો વિલંબ થયા બાદ હવે મૂળભૂત ખર્ચના અંદાજ કરતા આ પ્રોજેક્ટ ઉપર ખર્ચ ચાર ગણો રહેશે. વિલંબના પરિણામ સ્વરૂપે જુદા જુદા ખર્ચમાં અનેકગણો વધારો થઈ ગયો છે જેથી રાજ્યની તિજોરી ઉપર વધુ

● અનુસંધાન પાના - ૭ પર

### ફાસ્ટ ટ્રેકનું વિસ્તૃત ચિત્ર

પ્રોજેક્ટના ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર)ને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. ૨૨૦૦૦ કરોડનો અંતિમ ખર્ચ રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જો કે ખર્ચમાં હજુ પણ વધારો થઈ શકે છે. મેટ્રો પ્રોજેક્ટ માટે ડ્રાફ્ટને મંજૂરી અપાયા બાદ ફાસ્ટ ટ્રેક ઉપરની પ્રક્રિયા ઝડપથી શરૂ થશે. ફાસ્ટ ટ્રેકનું ચિત્ર નીચે મુજબ છે.

| સેક્સન નામ | ઇલેવેટેડ (કિમી) | અંડરગ્રાઉન્ડ (કિમી) | કુલ | સ્ટેશન સંખ્યા |
|---|---|---|---|---|
| લેન ૧એ સાબરમતીથી ઈન્ફોસિટી | ૧૬.૬ | - | ૧૬.૬ | ૧૨ |
| લેન ૧બી સાબરમતીથી એપીએમસી વાયા કાલુપુર | - | ૧૫.૩૨ | ૧૫.૩૨ | ૧૦ |
| લેન ૨એ સાબરમતીથી પાલડી | ૯.૦૧ | ૩.૦ | ૧૨.૯૫ | ૧૦ |
| લેન ૨બી પાલડીથી મેમ્કો | ૧૪.૮૫ | ૦ | ૧૪.૮૫ | ૧૦ |
| લેન ૩ સાબરમતીથી એરપોર્ટ | ૬.૨૬ | ૦ | ૬.૨૬ | ૩ |
| લેન ૪ સીએચથી મહાત્મા મંદિર | ૩.૭ | ૦ | ૩.૭ | ૨ |
| લેન ૫ કસ્તુરબા સ્મારકથી ગિફ્ટ સિટી | ૫.૮૫ | ૦ | ૫.૮૫ | ૩ |
| ઈન્ફોસિટીથી અક્ષરધામ | ૬.૫ | - | ૬.૫ | ૪ |
| કુલ | ૬૩.૭૧ | ૧૮.૩૨ | ૮૨.૩૬ | ૫૩ |

### રેલવે કોરિડોર પર કુલ ૫૩ સ્ટેશનો બનાવાશે

અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલવે પ્રોજેક્ટને લઈને જોરદાર ચર્ચા શરૂ થઈ ચૂકી છે. ડ્રાફ્ટ પ્રોજેક્ટ રિપોર્ટને આખરી ઓપ આપવામાં આવ્યા બાદ આની ગતિ હવે તીવ્ર થશે. રેલ કોરીડોરમાં કુલ ૫૩ સ્ટેશન રહેશે જેમાં ૪૨ ઈલેવેટેડ સ્ટેશન અને ૧૧ અંડરગ્રાઉન્ડ સ્ટેશન રહેશે. પ્લેટફોર્મ ઉપર પહોંચવા માટે વિશેષ પ્રકારની સિડીઓ બનાવવામાં આવશે. ટ્રેન ઓપરેશનને અસરકારક બનાવવા માટે ખાસ સુવિધાઓ ઊભી કરવામાં આવશે. વ્યસ્ત કલાકો અને શાંતિના ગાળા દરમિયાન મેટ્રો સિસ્ટમ વ્યવસ્થિત રીતે કામ કરશે. આ હેતુ માટે પાંચ મિનિટની ફિક્વન્સીના ગાળામાં પીક કલાકો દરમિયાન ટ્રેનો દોડાવવામાં આવશે જ્યારે ઓફપીક ગાળા દરમિયાન ૧૫ મિનિટની ફિક્વન્સીમાં મેટ્રો દોડાવવામાં આવશે. હાઈ ફિક્વન્સીની ટુ કોચ ટ્રેન સર્વિસમાં વધુ યાત્રીઓ આવી શકશે. ૪૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે આ ટ્રેન દોડી શકશે અને ૩૦ સેકન્ડ સુધી સ્ટેશનો ઉપર રોકાશે. દરેક કોચમાં યાત્રીઓની ક્ષમતા ૪૦૦ યાત્રીઓની રહેશે.

## ભાજપ પ્રદેશ કારોબારીમાં મેયર રાણા સહિત જિલ્લાના પાંચ આગેવાનો સમાવાયા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારીમાં જિલ્લાના પાંચ આગેવાનોનો સમાવેશ કરાતાં જિલ્લા સંગઠનમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. જે પાંચ અગ્રણીઓને સમાવવામાં આવ્યા છે તેમાં ૩ ગાંધીનગર મહાનગરમાંથીતો બે જિલ્લા સંગઠનમાંથી સમાવવામાં આવ્યા છે.

પ્રદેશ ભાજપના પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ આજે પ્રદેશ કારોબારીની રચના અંગેની જાહેરાત કરી છે જેમાં ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રી ભગવાનદાસ પંચાલ, શ્રી પૂનમભાઈ મકવાણા, શકુંતલાબેન પટેલ અને શ્રી ગુણવંતભાઈ બારોટનો સમાવેશ થાય છે.

શકુંતલાબેન પટેલ જિલ્લા સંગઠ્ઠનના પ્રમુખ હતા અને હાલ પંચાયતમાં વિપક્ષના નેતા છે. શ્રી ભગવાનદાસ પંચાલ અને શ્રી પૂનમભાઈ મકવાણા અગાઉ પણ પ્રદેશમાં સેવાઓ આપી ચુક્યા છે. શ્રી ગુણવંતભાઈ બારોટ સંગઠ્ઠનના વિવિધ હોદ્દાઓ પર સેવાઓ આપી ચુક્યા છે. જ્યારે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા વિધાનસભાની ચૂંટણી પૂર્વે કોંગ્રેસ છોડી ભાજપમાં પ્રવેશ્યા છે.

પ્રદેશ કારોબારીની વિગતો આપતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું હતું કે ત્રીસ્તરીય કારોબારીમાં કારોબારીના ૭૯ સભ્યો, આમંત્રિત શ્રેણીના ૫૫ સભ્યો અને વિશેષ આમંત્રિત શ્રેણીના ૪૭ સભ્યો સહિત કુલ

● અનુસંધાન પાના - ૭ પર








LCD TV રીપેરીંગ

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧